**અમદાવાદના મહે.ત્રીજા એડીશનલ જયુડી.મેજી.(ફ.ક.)સાહેબની કોર્ટમાં,**
**અમદાવાદ(ગ્રામ્ય)**

**ફોજદારી કેસ નં.૭૬૮૨/૨૦૧૪**

**<u>આંક–૧ નીચે હુકમ.</u>**

૧. ફરિયાદીને સાંભળ્યાં, પુરશીસ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨. સદર કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના મૂળ ફરિયાદી સોહિલભાઈ કિર્તીભાઈ દલાલ નાઓએ હાલના ગુનાની જે ફરીયાદ આપેલ તેને વંચાણે લેવામાં આવે તો તા.૨૪/૦૮/૨૦૧૪ તથા તા.૨૫/૦૮/૨૦૧૪ ની રાત્રીના કોઈપણ સમયે ફરિયાદીની સાઈટ ઉપરના વેનેસીયન વીલા બંગ્લા નં.૧૮ માં પ્રવેશ કરી લાઈટ ફીટીંગના ફીનોલેકક્ષ કંપનીના ૨૭૦ મીટરના એક એવા ૧૦ બંડલ કિં.રૂા.૩૪,૯૦૦/– ના ચોરી કર્યા અંગેની ફરિયાદ દાખલ કરતા અને સદર ગુનાની તપાસના અંતે તપાસનીસ અધિકારી ધ્વારા હાલના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૪૫૭, ૩૮૦ મુજબના ગુનાનું ચાર્જશીટ રજૂ રાખતા આરોપીઓ વિરુધ્ધ હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૩. સદર કેસ અદાલતમાં દાખલ થયા બાદ અદાલત ધ્વારા આરોપીઓ વિરુધ્ધ વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતાં આરોપીઓને સમન્સ વોરંટની બજવણી થયેલ ન હોય જેથી અત્રેની અદાલત ધ્વારા આ કામના ફરિયાદીને સમન્સ નોટીસ ઈસ્યુ કરવામાં આવતા આ કામના મૂળ ફરિયાદી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. તેઓએ આ અદાલતમાં આંક–૪ થી પોતાની સાહેદી આપેલ છે અને આ કામે આંક–૫ થી તેઓએ આપેલ ફરિયાદ રજૂ રાખેલ છે. તેઓ ધ્વારા આંક–૬ થી પોતાનું પુરાવા બંધનું પુરસીસ રજૂ રાખેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે આ કામમાં તેઓને મુદ્દામાલ મળી ગયેલ છે અને તેઓ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી અને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે તેવી હકીકત જાહેર કરેલ છે.

૪. ઉપરોકત હકીકતે આ કોર્ટે એ નિર્ણય કરવાનો છે કે, આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર ન થયો હોય અને રજુ થયેલ પુરશીશમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરુધ્ધનો ગુનો તેની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧) વાય.બી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરાલા, ૨૦૦૮, ક્રિ.લો.જ.–૯૨૮.

૨) યેસુદાસ અને બીજા વિ.સબ–ઈન્સ્પેકટર ઓફ પોલીસ, કલ્લાસમેસરી અને બીજા, ક્રિ.લો.જ.–૧૨૯૦.

૫. સદર ઓથોરીટીમાં નામ.કેરાલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

(એ)ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દ્વિપક્ષીય ક્રિયા નથી.

(બી)ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦(૧) તથા ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠાની કોલમ નં–૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી)કોમ્પોઝીશનની અરજી ફરિયાદી/ભોગ બનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહિં.

(ડી)ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતાં કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

(ઈ)ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશન ના સ્ટેજે પણ થઈ શકે.

આમ, ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધાં. સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કો.કલમ–૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ(દરગુજર માફ) કરવા માટે માફ કરવાની પુરશીશમાં આરોપીની સહી ફરજિયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજિયાત નથી. તેથી હાલની પુરશીશ સ્વીકારવાને પાત્ર છે. તેમજ ફરિયાદની હકીકતને ધ્યાને લેતાં જો પુરશીશ ગ્રાહય રાખી કેસ ફેસલ કરવામાં આવે તો અન્ય કોઈ વ્યકિતના કોઈ હિતને નુકસાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવે તો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી.

આ તબકકે ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં.૮૫ સતીષ મહેરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ ના હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પૂરી કરવી જરૂરી નથી. નામ.સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :–

When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for pursose of formally completing procedure to pronounce conclusion on a future date.

તેમજ આ કામે આરોપી કયારેય પણ આ કોર્ટ સમક્ષ હાજર થયેલા નથી જયારે મૂળ ફરિયાદીએ તેઓની ગેરહાજરીમાં સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત આ કોર્ટ સમક્ષ જાહેર કરેલ છે. ત્યારે આ તબકકે ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૨૦(૧)(૨)(૮)ની સાથે ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૩૯ ની જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો જો કોઈ આરોપીને બીન તહોમત છોડી મુકવા માટે થઈ આરોપીને સાંભળવા અને તેઓની હાજરી જરૂરી હોવાની જોગવાઈ કરવામાં આવેલી છે. પરંતુ કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાનમાં લેવામાં આવે તો આરોપીને વારંવાર પકડ વોરંટ ઈસ્યુ કરીને તક આપવામાં આવેલી છે તેમ છતાં આરોપીઓ મળી આવેલા નથી. તેમજ જયારે મૂળ ફરિયાદીએ જ સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત જાહેર કરેલ છે અને જયારે આરોપીની વિરુધ્ધને આરોપીના હિતની વિરુધ્ધનો કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અને આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૩૯ અન્વયે બીન તહોમત છોડી મૂકવાનો હુકમ કરવાનું વાજબી અને ન્યાયોચિત જણાઈ આવતું હોઈ તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં આરોપીને સાંભળવાની તક આપવામાં આવેલ છે પરંતુ હાજર નથી થયેલ. આ ઉપરાંત જયારે આરોપી મળી આવતા ન હોય ત્યારે આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સરકયુલર ક્રમાંક નં.સીઆર ૬૧૮/૨૦૧૬ તા.૫/૭/૧૬માં જણાવ્યાં મુજબ એવા સંજોગોમાં ક્રિ. પો. કોડ. કલમ – ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનું જણાવે છે એ સંજોગોમાં પણ હાલના કિસ્સામાં જયારે પૂરતાં પ્રયત્નો કરવા છતાં ફરિયાદપક્ષ આરોપીને હાજર રાખવામાં નિષ્ફળ ગયેલ છે. આ તમામ હકીકતોને અને સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવે છે તેમજ હાલના કામે આ કામના ફરિયાદીએ સ્વૈચ્છિક રીતે હાલની અરજી રજૂ કરેલ છે જયારે આરોપી હાજર નથી તે કારણોસર નામંજૂર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કરતાં લોકોના નાણાંનો વેડફાટ પૂરેપૂરો થશે.

**–::<u>હુકમ</u>::–**

૧. આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ઈ.પી.કો.કલમ–૪૫૭, ૩૮૦ મુજબના ગુનામાંથી ક્રિ.પ્રો.કોડ કલમ–૨૩૯ મુજબ બિનતહોમત છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદ્દામાલ લાઈટ ફીટીંગના ફીનોલેકક્ષ કંપનીના ૨૭૦ મીટરના ૧૦ બંડલનો કરવામાં આવેલ વચગાળાનો હુકમ આ હુકમથી કાયમ કરવામાં આવે છે.

૩. આરોપીના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨/૦૭/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–અમદાવાદ. **(પી. બી.પટેલ)**

તારીખ:–૨૨/૦૭/૨૦૧૮. ત્રીજા એડી. જ્યુડી.મેજીસ્ટ્રેટ (ફ.ક.)

એસ.પી.રાજપુત(પી.એ.) અમદાવાદ(ગ્રામ્ય),અમદાવાદ.

GJ 01111.